# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-04-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જાનુ પરમાર વાંચે છે.

---

- ગુજરાતની લોકસભાની **26** બેઠકો અને રાજ્યવિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારી પત્રોની આજે ચકાસણી થશે
- લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં 102 બેઠકો માટે ગઇકાલે યોજાયેલા મતદાનમાં અંદાજે 62.37 ટકાથી વધુ મતદાન થયું હોવાના અહેવાલ છે.
- લોકસભાની સામાન્ય ચૂંટણીને ધ્યાને લઇ રાજ્યભરમાં મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે
- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જાહેર કરાયેલી વર્ગ-**3**ની ગૃપ-એ અને ગૃપ બેની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે
- પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ રેલવે ડિવિઝન ને **2023-24** માટે શ્રેષ્ઠ લોડિંગ પ્રયત્નો માટે જનરલ મેનેજર કાર્યક્ષમતા શિલ્ડ એનાયત કરવામાં આવ્યો છે.
- હવામાન વિભાગે ગુજરાતમાં આજથી બે દિવસ હીટ વેવ તીવ્ર બનવાની સંભાવના વ્યક્ત કરી છે

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# ELECTION CAMPING

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે અત્યારસુધી 491 ઉમેદવારીપત્રો ભરાયા છે. જયારે વિધાનસભાની પાંચ બેઠકો માટે 39 ઉમેદવારીપત્રો ભરાયા છે.

ગુજરાતની લોકસભાની 26 બેઠકોની સામાન્ય અને રાજ્ય વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારી પત્રોની આજે ચકાસણી થશે. જ્યારે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 22મી એપ્રિલ હોવાથી ચૂંટણી જંગમાં કેટલા ઉમેદવારો રહ્યા છે તેની માહિતી 22મી સાંજે મળશે. આ બેઠકો માટે આગામી સાતમી મેના રોજ મતદાન થશે. ઉલ્લેખનીય છે કે, સાતમી મે ના રોજ ત્રીજા તબક્કાની લોકસભાની ચૂંટણીમાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 બેઠકો માટે મતદાન થવાનું છે.

ત્રીજા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાના ગઇકાલે છેલ્લા દિવસે ભાજપના અમિત શાહે- ગાંધીનગર બેઠક પરથી, સી.આર. પાટીલે- નવસારી બેઠક પરથી અને પૂનમ માડમે જામનગર બેઠક પરથી ઉમેદવારી પત્રો ભર્યા હતા. એવી જ રીતે, કોંગ્રેસના પરેશ ધાનાણીએ- રાજકોટ બેઠક પરથી, નૈષધ દેસાઇએ- નવસારી બેઠક પરથી અને રામજી ઠાકોરે મહેસાણા બેઠક પરથી ઉમેદવારી નોંધાવી હતી. ભરૂચ લોકસભા બેઠક ઉપર ભારત આદિવાસી પાર્ટીમાંથી છોટુભાઇ વસાવાના પુત્ર દિલીપ વસાવાએ પણ ઉમેદવારી પત્ર ભર્યું છે. આમ ભરૂચ લોકસભા બેઠક પર ત્રિપાંખિયો ચૂંટણી જંગ જામશે.

દરમિયાન સુરેન્દ્રનગર જીલ્લામાં કુલ 29 ઉમેદવારીપત્રો ભરાયા છે તથા રાજકોટ જીલ્લામાં કુલ 16 ઉમેદવારોએ 28 ઉમેદવારીપત્રો રજૂ કર્યા હતા.

---

-રીપીટ, પીટીસી, સુરેન્દ્રનગર, રાજકોટ માહિતી, અપર્ણા ખૂંટ હર્ષ, નવીન

# NT-EC-OVERALL-FIRST-PHASE

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં 102 બેઠકો માટે ગઇકાલે યોજાયેલા મતદાનમાં રાત્રે 9 વાગ્યા સુધી 62.37 ટકાથી વધુ મતદાન થયું હોવાના અહેવાલ છે.

મતદાન મોટાભાગે શાંતિપૂર્ણ રહ્યું હતું અને વધુ ગરમી હોવા છતાં મતદારોએ  મતદાન કરવામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. 102 સંસદીય મતવિસ્તારોમાંથી 11 લોકસભા બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અને 18 બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત છે. આ 102 બેઠકો ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર, આસામ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તરાખંડ, અરુણાચલ પ્રદેશ, મણિપુર અને મેઘાલયની છે.

---------------------------------------------------------------------

-રીપીટ -(નવીન)

# MATDAR JAGRUTI-1

આગામી લોકસભાની ચૂંટણીમાં મતદાન વધારે થઇ શકે તે હેતુથી રાજયભરમાં મતદાર જાગૃતિ અંગેના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

જે અંતર્ગત મહિસાગર જીલ્લામાં ચૂંટણી અધિકારી અને કલેકટર નેહાકુમારીના માર્ગદર્શનમાં મતદાર જાગૃતિ અને તેના પ્રચાર પ્રસાર માટે નવતર પહેલના કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. લુણાવાડા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જીલ્લાની વિવિધ સંસ્થાઓ દ્વારા બહેનો દ્વારા મતદાર જાગૃતિ ગરબા મહોત્સવ, મહેંદી અને રંગોળી જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોમાં મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. યુવા મતદારોને મતદાનનો અધિકાર ભોગવવા તેમજ અન્ય મતદારોમાં મતદાન કરી શકે તે હેતુથી તેઓને સમજાવવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓએ મતદાન માટે પ્રતિજ્ઞા લીધી હતી.

રાજકોટના વાંકાનેર વિધાનસભા મત વિસ્તારમાં પ્રાંત અધિકારી સિદ્ધાર્થભાઈ ગઢવીના દિશાનિર્દેશ મુજબ પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ જેતપુર વિધાનસભા મત વિસ્તારમાં મદદનીશ ચૂંટણી અધિકારી જયભાઈ ગોસ્વામીના સૂચનો પ્રમાણે ખાનગી ગેસ એજન્સી દ્વારા ગેસ સિલિન્ડર ઉપર 'અવસર લોકશાહીનો..' લોગો ધરાવતા સ્ટીકર લગાવવામાં આવ્યા હતાં. જેથી, મહિલાઓને મત આપવા જવા માટે જાગૃત કરી શકાય.

જસદણ વિધાનસભા મતદાર વિભાગમાં પ્રાંત અધિકારીશ્રી ગ્રીષ્માબેન રાઠવાના માર્ગદર્શન હેઠળ જસદણ તાલુકાના રાજાવડલા (જામ) ગામ ખાતે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો

# MATDAR JAGRUTI-2

ગોંડલની શાળાના વિદ્યાર્થીઓએ મતદાન જાગૃતિ અન્વયે માનવ સાંકળ બનાવી લોકોને પ્રેરિત કર્યા

રાજકોટની આઈ.સી.ડી.એસ. શાખા હેઠળની હેલ્પર બહેનોને મતદાન કરવાના શપથ લેવડાવ્યા હતા. જીલ્લામાં વિવિધ સ્વસહાય જૂથના મહિલાઓ માટે મતદાતા જાગૃતિ કેમ્પ યોજાયા, ૩ હજાર ૯૩૮ સ્વસહાય જૂથોએ ભાગ લીધો હતો.

રાજકોટ ડેરી દ્વારા મારો મત મારો અધિકાર મતદાન જાગૃતિનો મેસેજ ગામે ગામ પહોંચી શકે તે હેતુ દૂધ ઉત્પાદક મંડળીઓ પણ જોડાઈ ચૂકી છે. જયારે અમુલ દૂધના પેકીંગ બેડ પર ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ સ્લોગનનું પ્રિન્ટિંગ કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------

-પીટીસી, મહીસાગર, પાટણ, રાજકોટ, જાનુ -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# EXAM CENCELED

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જાહેર કરાયેલી વર્ગ-3ની ગૃપ-A અને ગૃપ-B ની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે.. ચુંટણી પંચના નિર્દેશ બાદ પરીક્ષા સ્થગિત કરાઈ છે.. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જાહેર કરાયેલી પાંચ  હજાર 554 જગ્યાઓ માટેની પરીક્ષાઓ પહેલી એપ્રિલથી લેવાઇ રહી હતી..

---

-રીપીટ

# TAPI UKAI DEM

રાજ્યમાં કાળજાળ ગરમીની શરૂઆત થઈ ચૂકી છે, તો બીજી તરફ અન્ય જિલ્લાઓમાં પાણીનો કકળાટ ઉભો થવા પામ્યો છે, ત્યારે આ વચ્ચે દક્ષિણ ગુજરાતથી મોટા રાહતના સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે, દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાં ઉકાઈ ડેમમાં હાલ પણ લાઈવ સ્ટોરેજ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, જે આવનારા ચોમાસાની શરૂઆત થાય ત્યાં સુધી પર્યાપ્ત જશે પીવાના પાણી સહિત ખેતી અને ઉદ્યોગો માટે  ઉપલબ્ધ હોવાનું અધિકારીઓ જણાવી રહ્યા છે.

## બાઈટ.. હેમંત ચૌધરી (કાર્યપાલક ઈજનેર ઉકાઈ ડેમ)

---------------------------------------------------------------------

-પીટીસી, તાપી, દિપીકા -(નવીન)

# Rajkot Railway Division

પશ્ચિમ રેલવે દ્વારા આયોજિત 69મા રેલ સપ્તાહ પુરસ્કાર સમારોહમાં રાજકોટ રેલવે ડિવિઝન ને નાણાકીય વર્ષ 2023-24 માટે શ્રેષ્ઠ લોડિંગ પ્રયત્નો માટે જનરલ મેનેજર કાર્યક્ષમતા શિલ્ડ એનાયત કરવામાં આવ્યો છે.

તાજેતરમાં મુંબઈના નરીમાન પોઈન્ટ સ્થિત યશવંતરાવ ચવ્હાણ ઓડિટોરિયમ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર અશોકકુમાર મિશ્ર દ્વારા આ શિલ્ડ રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર અશ્વની કુમાર અને સિનિયર ડિવિઝનલ ઑપરેશન મેનેજર કૅપ્ટન આર.સી. મીણા ને એનાયત કરવામાં આવ્યો હતો.

આ શિલ્ડ રાજકોટ અને અમદાવાદ ડિવિઝન ને સંયુક્ત રીતે એનાયત કરવામાં આવ્યો છે. રાજકોટ ડિવિઝને નાણાકીય વર્ષ 2023-24માં ડિવિઝનમાંથી ગુડ્સ ટ્રેન દ્વારા 10.64 કરોડ ટન માલનું લોડિંગ કરીને છેલ્લા પાંચ વર્ષનો લોડિંગ રેકોર્ડ તોડ્યો છે. ડિવિઝને આ નાણાકીય વર્ષમાં સૌથી વધુ 4.9 મિલિયન ટન પેટ્રોલિયમ ઉત્પાદનો જેમ કે ડીઝલ, પેટ્રોલ, એલપીજી વગેરેના લોડિંગનો નવો રેકોર્ડ બનાવ્યો છે.

આ ઉપરાંત રાજકોટ ડિવિઝને ટ્રેનોના સંચાલનમાં 97.01% 'PUNCTUALITY' એટ્લે કે સમયપાલનતા હાંસલ કરી છે જે સમગ્ર ભારતીય રેલવેમાં બીજા ક્રમે છે. ડીઆરએમ અશ્વનીકુમારે રાજકોટ ડિવિઝનને મળેલી આ શિલ્ડને અધિકારીઓ અને કર્મચારીઓની મહેનત અને સમર્પણનું પરિણામ ગણાવી સૌને અભિનંદન પાઠવ્યા હતા

---

-પીટીસી, રાજકોટ, જયેશ વેગડા -(નવીન)

# botad hanuman janamutsav

સુપ્રસિદ્ધ સાળગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિર ખાતે હનુમાન જ્યંતીની ભવ્યાતિભવ્ય ઉજવણી થશે. હનુમાન જ્યંતીની ઉજવણીને લઈ મંદિર વિભાગ દ્વારા 21 એપ્રિલ થી 23 એપ્રિલ સુધી અન્નકૂટ, 54 ફૂટની પ્રતિમાએ લાઈટીંગ શો, મહા આરતી, ડાયરો, છડી પૂજન, કેક કટીંગ સહિત અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

(બાઇટ)

---------------------------------------------------------------------

-પીટીસી, બોટાદ, જાનુ -(નવીન)

# wheather

**હવામાન વિભાગે ગુજરાતમાં આજથી બે દિવસ હીટ વેવ વધુ તીવ્ર બનવાની સંભાવના વ્યક્ત કરી છે**

**તીવ્ર ગરમીના કારણે લોકોને બપોરના સમયે કામ વગર બહાર નીકળવાનું ટાળવા અપીલ કરવામાં આવી છે. તો બીજી તરફ કૃષિ હવામાન સેલના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં તાપમાનનો પારો એક થી બે ડિગ્રી ઓછી થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.**

અમદાવાદ, અમરેલી અને સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. કંડલા, રાજકોટ અને વડોદરામાં તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જયારે ગાંધીનગર, ડીસા અને સુરતમાં 40 ડિગ્રી સેલ્સીયસ તાપમાન નોંધાયું હતું. જે સામાન્ય તાપમાન કરતાં બે ડિગ્રી વધારે હતું.

---------------------------------------------------------------------

-હવામાન વેબ., હર્ષ -(નવીન)

# PATAN RTI

પાટણ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન - આરટીઈ એક્ટ - 2009 હેઠળ શૈક્ષણિક વર્ષ 2024 - 25 માટે ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ પ્રક્રિયાની કામગીરી અંતર્ગત કુલ 274 બેઠકો સામે પ્રથમ રાઉન્ડમાં 223 બેઠકો પર પ્રવેશ ફાળવી દેવામાં આવ્યો છે.

પાટણ જિલ્લામાંના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીની યાદીને ટાંકીને જણાવે છે કે કુલ 105 ખાનગી પ્રાથમિક શાળાઓમાં આરટીઈના નિયમ અંતર્ગત ચાલુ સાલે ભરવાપાત્ર થતી 281 બેઠકો માટે કુલ 2516 અરજીઓ આવી હતી જે પૈકી 1743 અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. જેમાંથી 15 એપ્રિલના રોજ પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ જાહેર કરવામાં આવતા 223 બાળકોને પ્રવેશ ફાળવણી કરી દેવામાં આવી હોવાનું અને 51 બેઠકો પર પ્રવેશ પેંન્ડિંગ હોવાનું દ્વારા જાણવા મળ્યું હતું.

પ્રવેશ ફાળવવામાં આવેલ વિધાર્થીઓના વાલીઓને 22 એપ્રિલ સુધીમાં જે તે શાળામાં પ્રવેશ લઈ લેવા જણાવાયું છે. આ અંગે જે તે શાળા દ્વારા પણ બાળકોના વાલીઓને અસલ પ્રમાણપત્ર બતાવીને પ્રવેશ મેળવી લેવા જાણ કરવામાં આવી છે.

---

-પીટીસી, પાટણ, જયેશ વેગડા -(નવીન)

## General Observer- Panchmahal-Surat

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત પંચમહાલ સંસદીય મત વિસ્તાર માટે કલેકટર કચેરી,ગોધરા ખાતે ઇલેક્ટ્રોનિક મીડિયા સેન્ટરમાં ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત થયેલા જનરલ ઓબ્ઝર્વરે જિલ્લા ચૂંટણી અધિકારી આશિષ કુમાર સાથે મીડિયા સેન્ટરની મુલાકાત લઈને સમગ્ર કામગીરીનું નિરીક્ષણ કરીને જરૂરી સૂચન કર્યા હતા. અમારા પંચમહાલના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે જનરલ ઓબ્ઝર્વરે સમગ્ર કામગીરીનું નિરીક્ષણ કરીને પ્રિન્ટ, ઇલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયા મોનિટરિંગનું સઘન ચેકિંગ કરવા સૂચન કર્યું હતું.

ઉપરાંત સુરત લોકસભા મતવિસ્તારમાં જનરલ ઓબ્ઝર્વર દિપક આનંદ, ખર્ચ ઓબ્ઝર્વર તથા પોલીસ ઓબ્ઝર્વરની ઉપસ્થિતિમાં નોડલ અધિકારીઓ સાથે ચૂંટણીલક્ષી તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

જનરલ ઓબ્ઝર્વર દ્વારા મહત્તમ મતદાન થાય, ફરિયાદોનો સત્વરે નિકાલ થાય, સમયસર રિપોર્ટીંગ થાય તે માટે જરૂરી પગલાં લેવા જણાવાયું હતું તથા ગરમીના કારણે મતદાન મથકો ઉપર પાણી તથા શેડની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

---

-પીટીસી, પંચમહાલ, સુરત માખા, હર્ષ -(નવીન)

# Panchmahal - Swaminarayan Jayanti

પંચમહાલ જીલ્લામાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના 243 માં પ્રાગટ્ય જયંતિની ઉમંગ ભેર ઉજવણી કરવામાં આવી હતી.

પંચમહાલ જીલ્લાનાં અમારા પ્રતિનિધિ જણાવે છે કે મણીનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત પંચમહાલ જિલ્લાના વિવિધ સ્વામિનારાયણ મંદિરોમાં "સ્વામિનારાયણ" મહામંત્ર ની 12, 16 અને 24 કલાક અખંડ ધૂન તથા પ્રાગટ્ય જયંતી નિમિત્તે ઓછ્છવ, આરતી સહિત અનેક ધાર્મિક કાર્યક્રમ યોજાયા હતા.

જિલ્લાના મોર ડુંગરા, ધાંધલપુર, સનચાળા, એરાલ, વાઘજીપુર, હરકુંડી, રાણીપુરા, બોડીદ્રા બુઝર્ગ ખાતેના મંદિરોમાં આસપાસના અનેક ગામોના હરિભક્તોએ ઉમંગભેર ભાગ લઇ ઉત્સવ નો લ્હાવો લીધો હતો.

---

-પીટીસી, પંચમહાલ, જયેશ વેગડા -(નવીન)